# “સ્કોપ કાર્યક્રમ અને સ્કોપ સેન્ટર્સની ગુણવત્તાનો અભ્યાસ”

By
SCOPE
(Society For Creation Of Opportunity Through Proficiency In English)

Gujarat Secondary and Higher Secondary Education Board
Sector 10/B, Gandhinagar
2007-08


**Researcher**

Dr.Ashok Patel
S.U.G.Collage of Education
Vasna-Ahmedabad

# “સ્કોપ કાર્યક્રમ અને સ્કોપ સેન્ટર્સની ગુણવત્તાનો અભ્યાસ”

**પ્રસ્તાવના :**
ગુજરાત રાજ્ય અનેકક્ષેત્રે હરણફાળ પ્રગતિ કરી રહ્યું છે. જેમાં શિક્ષણ, રોજગારી, ઉદ્યોગ, વેપાર-વાણિજ્ય, સામાજિક જેવા અનેક ક્ષેત્રોનો સમાવેશ કરી શકાય. ગુજરાતનું યુવાધન વધુ સશક્ત બનીને દેશ અને પરદેશમાં પોતાની ભૂમિકા ભજવી રહ્યું છે. આમ છતાં તેનો પૂરતો લાભ તમામ યુવાનો મેળવી શકતા નથી. તેની પાછળ ઘણાં કારણો હોઇ શકે. જેમાંનું એક કારણ પ્રત્યાયન કૌશલ્ય છે. પ્રત્યાયન માટે પોતાની માતૃભાષા પોતાના પ્રદેશમાં ઉપયોગી થઇ પડશે, પણ આંતરરાષ્ટીય અને રાષ્ટીય સ્તરે જો સ્પર્ધામાં રહેવું હોય અને ટકી રહેવું હોય તો સામેના પાત્રો જે ભાષા સમજી શકતા હોય તેવી ભાષામાં પ્રત્યાયન ક્ષમતા વિકસાવવી જરૂરી છે.
આજે અંગ્રેજી ભાષા આંતરરાષ્ટીય ભાષા બની ચૂકી છે. ત્યારે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય રીતે કોઇપણ પ્રકારની ભૂમિકા ભજવવા અંગ્રેજીભાષા પર પ્રભુત્વ મેળવવું જરૂી બની રહે છે. આમ પણ ગુજરાતના વિદ્યાર્થી માટે એક કલંકે છે જ કે, “ગુજરાતનો વિદ્યાર્થી અંગ્રેજીમાં ખૂબ જ પાછળ છે.” આ કલંકને ભૂસવા અને દેશમાં જ નહીં પણ દુનિયામાં ગુજરાતનો દરેક વ્યક્તિ પોતાની ભૂમિકા ભજવવા સક્ષમ બની શકે તે માટે સ્કોપ જેવા કાર્યક્રમની જરૂર હતી અને તે જરૂરિયાત ગુજરાત સરકારે પૂર્ણ કરી છે.

**અભ્યાસનં મહત્ત્વ :**
ગુજરાતનું યુવાધન અંગ્રેજીભાષા પર પ્રભત્વ મેળવી શકે તે માટે શરૂ કરવામાં આવેલ આ કાર્યક્રમને એક વર્ષ પૂર્ણ થવા આવ્યું છે. ત્યારે જે હેતુને ધ્યાનમાં રાખીને આ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ તે હેતુઓ પરિપૂર્ણ કરવા માટે આ કાર્યક્રમ સક્ષમ છે કે કેમ તે જાણી શકાશે. રાજ્યમાં શરૂ કરેલ અનેક કેન્દ્રોમાંથી કયા કેન્દ્ર પર કેવી ગુણવત્તા સાથે કામ થઇ રહ્યું છે તે પણ જાણી શકાશે. કયા કેન્દ્રોની કઇ નબળાઇઓ કે વિશેષતાઓ છે તે પણ જાણી શકાશે. જેને આધારે જે તે કેન્દ્રોને ફિડબેક આપી શકાશે. આ કાર્યક્રમ તાલીમ લેનારને ખરેખર ઉપયોગી થશે કે કેમ તે અંગે તાલીમાર્થીઓના મંતવ્ય જાણી શકાશે, જે મંતવ્યોને આધારે ભવિષ્યમાં જરૂરી ફેરફાર સાથેનું આયોજન કરી શકાશે.
આ અભ્યાસ દ્વારા કાર્યક્રમ સાથે સંકળાયેલ તાલીમાર્થીઓ, ટ્રેનર્સ, વાલી, સંચાલકો વગેરે પાસેથી કાર્યક્રમ અંગેના વિવિધ પાસાંના અભિપ્રાયો મળશે. જેના આધારે રહેલી કચાશ ને દૂર કરી શકાશે અને જે બાબતો હકારાત્મક છે તેને વધારે પ્રોત્સાહિત કરી શકાશે

**વિષય : “સ્કોપ કાર્યક્રમ અને સ્કોપ સેન્ટર્સની ગુણવત્તાનો અભ્યાસ”**

**હેતુઓ :**

૧. કાર્યક્રમની સફળતા અંગે તાલીમાર્થીઓ પાસેથી અભિપ્રાયો મેળવવા
૨. તાલીમાર્થીઓને ભવિષ્યમાં આ કાર્યક્રમ ક્યાં ઉપયોગી થશે તે અંગે તેમના મંતવ્યો જાણવા
૩. જે કેન્દ્ર પર આ કાર્યક્રમ ચાલે છે તે કેન્દ્રની ગુણવત્તા ટ્રેનર્સ, વાલી અને અન્ય નિરીક્ષકો દ્વારા જાણવી.
૪. કેન્દ્રોની મર્યાદાઓ કે વિશેષતાઓ ટ્રેનર્સ પાસેથી જાણવી.
૫. કાર્યક્રમ અંગેના અભિપ્રાયો ટ્રેનર્સ પાસેથી જાણવા
૬. આ કાર્યક્રમમાં ટ્રેનર્સ તરીકે કામ કરતા વ્યક્તિઓની શૈક્ષણિક લાયકાત જાણવી.
૭. કાર્યક્રમને વધુ સમૃદ્ધ બનાવવા માટેના મંતવ્યો મેળવવા.

**નમૂનો :** ગુજરાત રાજ્યમાં ચાલતા આ કાર્યક્રમ દ્વારા તાલીમ લેતા તાલીમાર્થીઓ, ટ્રેનર્સ અને કેન્દ્રોની રૂબરૂ મુલાકાત લેનાર ઈન્સ્પેકટર્સ અને લોકસમૂહ

**સંશોધન પદ્ધતિ :** સર્વેક્ષણ પદ્ધતિ અને રૂબરૂ મુલાકાત. જેમાં તાલીમાર્થીઓ અને ટ્રેનર્સને રૂબરૂ મળીને અભિપ્રાયાવલી આપવામાં આવેલી. આ ઉપરાંત નિરીક્ષકોએ કેન્દ્રોની રૂબરૂ મુલાકાત લીધી હતી.

**સંશોધન ઉપકરણ :** (૧) તાલીમાર્થી અભિપ્રાયાવલી (૨) ટ્રેનર્સ અભિપ્રાયાવલી (૩) નિરીક્ષક અભિપ્રાયાવલી

# માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

આ પ્રકરણમાં મળેલ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવેલ છે. નક્કી કરેલ નમૂનો એટલે કે તાલીમાર્થીઓ, ટ્રેનર્સ અને નિરીક્ષકો પાસેથી અભિપ્રાયાવલી દ્વારા માહિતી મેળવવામાં આવેલી. અભિપ્રાયાવલીને આધારે મળેલ અભિપ્રાયોનું નમૂના પ્રમાણે નીચે પૃથક્કરણ અને અર્થઘટન કરેલ છે.

## Student's opinion

Q:1 What is your opinion about quality of training ?

| Opinion | No. of students | % |
|---|---|---|
| Poor | 05 | 1.38 |
| Good | 140 | 38.36 |
| Very Good/ Better | 115 | 31.50 |
| Best | 50 | 13.70 |
| Excellent | 55 | 15.06 |
| Total | 365 | |

**અર્થઘટન :** કુલ ૩૬૫ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમની ગુણવત્તા વિશે અભિપ્રાય વ્યક્ત કરેલા. જેમાંથી ૧૪૦ વિદ્યાર્થીઓ એટલે કે ૩૮.૩૬ ટકા વિદ્યાર્થીઓના મતે આ કાર્યક્રમ સારો છે. તો ૧૧૫ વિદ્યાર્થીઓ એટલકે ૩૧.૫૦ ટકા વિદ્યાર્થીઓના મતે આ કાર્યક્રમ ખૂબ જ સારો છે. તો ૫૦ વિદ્યાર્થીઓ એટલે કે ૧૩.૭૦ ટકા વિદ્યાર્થીઓના મતે આ કાર્યક્રમ ઉત્તમ છે. આ કાર્યક્રમને અતિઉત્તમ માનનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ ૧૫.૦૬ ટકા એટલે કે વિદ્યાર્થી સંખ્યા ૫૫ છે. આ કાર્યક્રમને નબળો ગણતાં વિદ્યાર્થીઓની સંખ્યા ૦૫ એટલે કે ૧.૩૮ ટકા છે.

Q.2 How training would be useful to you?

| Opinion | No. of Students | % |
|---|---|---|
| Improve Spiking Skill | 105 | 28.77 |
| Vocabulary | 10 | 2.74 |
| G.K. | 06 | 1.64 |
| To go aboard | 30 | 8.22 |
| Communication | 20 | 5.48 |
| Remove fear | 04 | 1.1 |
| Improve English Language | 31 | 8.49 |
| To get Job | 34 | 9.32 |
| Bright Future | 15 | 4.11 |
| To teach own Child | 11 | 3.01 |
| To get Confidence | 29 | 7.95 |
| For interview | 02 | 0.55 |
| To Develop Personality | 12 | 3.29 |
| To make career | 20 | 5.48 |
| To Develop Language Skill | 05 | 1.37 |
| In Traveling | 04 | 1.10 |
| For Study/Education | 27 | 7.40 |
| Business | 08 | 2.19 |
| Every Where | 19 | 5.21 |
| In Computer | 03 | 0.82 |
| For teaching | 05 | 1.37 |
| For Activities | 04 | 1.10 |
| Total | 365 | 100 |

**અર્થઘટન :** કુલ ૩૬૫ વિદ્યાર્થીઓમાંથી ૧૦૫ વિદ્યાર્થીઓ એટલે કે ૨૮.૭૭ ટકા વિદ્યાર્થીઓના મતે આ કાર્યક્રમ દ્વારા કથન કૌશલ્ય વિકસે છે. ૩૪ વિદ્યાર્થીઓ એટલે કે ૯.૩૨ ટકા વિદ્યાર્થીઓના મતે આ કાર્યક્રમ ભવિષ્યમાં નોકરી મેળવવામાં ખાસ ઉપયોગી નિવડશે. ૩૧ વિદ્યાર્થીઓ એટલે કે ૮.૪૯ ટકા વિદ્યાર્થીઓના મતે આ કાર્યક્રમ અંગ્રેજીભાષા પર પ્રભુત્વ મેળવવા ઉપયોગી છે. તો વળી ૩૦ વિદ્યાર્થીઓ એટલકે ૮.૨૨ ટકા વિદ્યાર્થીઓના મતે આ કાર્યક્રમ પરદેશ જવા માટે ખૂબ ઉપયોગી નિવડશે. ૨૯

વિદ્યાર્થીઓ એટલે કે ૭.૯૫ ટકા વિદ્યાર્થીઓના મતે આ કાર્યક્રમ દ્વારા આત્મવિશ્વાસ આવે છે. તો વળી ૨૭ વિદ્યાર્થીઓ એટલે કે ૭.૪૪ ટકા વિદ્યાર્થીઓ માને છે કે આ કાર્યક્રમ વધુ અભ્યાસ કે શિક્ષણ મેળવવા માટે ઉપયોગી છે. ૨૦ વિદ્યાર્થીઓ એટલે કે ૫.૪૮ ટકા વિદ્યાર્થીઓના મતે પ્રત્યાયન કરવા અને કારકિર્દી ઉજ્જવળ બનાવવા આ કાર્યક્રમ સહાયરૂપ થશે. ૧૯ વિદ્યાર્થીઓ એટલે કે ૫.૨૧ ટકા વિદ્યાર્થીઓના મતે આ કાર્યક્રમ દરેક ક્ષેત્ર માટે ઉપયોગી છે. આ ઉપરાંત થોડી સંખ્યામાં પણ કેટલાક વિદ્યાર્થીઓના મતે આ કાર્યક્રમ ધંધા માટે, શિક્ષણ આપવા, વ્યક્તિત્ત્વ ખીલવવા,પોતાના બાળકોને શિક્ષણ આપવા જેવી ઘણી બાબતમાં ઉપયોગી થઇ પડશે.

## Q:3 : Your Future Planning

| Opinion | No. of Student | % |
|---|---|---|
| To go Aboard | 94 | 25.75 |
| Teacher | 37 | 10.14 |
| Business | 36 | 9.86 |
| Job | 35 | 9.59 |
| M.B.A. | 31 | 8.49 |
| Engineer | 24 | 6.58 |
| M.C.A. | 16 | 4.38 |
| C.A. | 15 | 4.11 |
| To finish all level of SCOP | 13 | 3.56 |
| Doctor | 9 | 2.47 |
| Computer | 9 | 2.47 |
| Airhostess | 6 | 1.64 |
| Manager | 6 | 1.64 |
| Call Center | 4 | 1.10 |
| Professor | 3 | 0.82 |
| To Earn Good Money | 3 | 0.82 |
| Lawyer | 3 | 0.82 |
| Govt. Job | 3 | 0.82 |
| Designer | 3 | 0.82 |
| Graduation | 2 | 0.55 |
| Pilot/Airline | 2 | 0.55 |
| Pharmacist | 2 | 0.55 |
| Bank Agent | 1 | 0.27 |
| President | 1 | 0.27 |
| Prime minister | 1 | 0.27 |
| Dancer | 1 | 0.27 |
| Press | 1 | 0.27 |
| ISRO | 1 | 0.27 |
| N.G.O. | 1 | 0.27 |
| Collector | 1 | 0.27 |
| To Give IELTS | 1 | 0.27 |
| Total | 365 | 100 |

**અર્થઘટન :** આ કાર્યક્રમમાં તાલીમ લેનારા ૩૬૫ વિદ્યાર્થીઓને પૂછવામાં આવતા કે, તમારું ભવિષ્યનું આયોજન શું છે? તો ૩૬૫ વિદ્યાર્થીઓમાંથી ૯૪ વિદ્યાર્થીઓ એટલે કે ૨૫.૭૫ ટકા વિદ્યાર્થીઓનું આયોજન ભવિષ્યમાં પરદેશ જવાનું છે. તો ૩૭ વિદ્યાર્થી એટલે કે ૧૦.૧૪ ટકા વિદ્યાર્થીનું આયોજન શિક્ષક બનવાનું છે. ૩૬ વિદ્યાર્થીઓ એટલે કે ૯.૮૬ ટકા નું આયોજન ધંધો કરવાનું છે, તો લગભગ તેટલા જ પ્રમાણમાં વિદ્યાર્થીઓનું આયોજન નોકરી મેળવવાનું છે. ૩૧ વિદ્યાર્થીઓ એમ.બી.એ., ૨૪ વિદ્યાર્થીઓ ઇજનેર તો ૧૬ વિદ્યાર્થીઓ એમ.સી.એ. અને ૧૫ વિદ્યાર્થીઓનું સી.એ. કરવાનું આયોજન છે. ૧૩ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમના અંત સુધી અભ્યાસ કરવા માંગે છે. થોડા વિદ્યાર્થીઓ જુદા જુદા ક્ષેત્રમાં અભ્યાસ કરવા માંગે છે. તો કેટલાક વિદ્યાર્થીઓ જુદા જુદા વ્યવસાયમાં પોતાની કારકિર્દી વિકસાવવા માંગે છે.

Q: 4 : Suggestions

| Suggestion | No. Of Student | % |
|---|---|---|
| Provide CD/DVD | 22 | 13.75 |
| Colorful Books | 13 | 8.13 |
| Teach More Grammar | 12 | 7.50 |
| Provide LCD | 11 | 6.88 |
| More Time/Extra Days | 11 | 6.88 |
| O.H.P. | 10 | 6.25 |
| Batter Trainer | 10 | 6.25 |
| Descries Fees | 9 | 5.63 |
| Basic Facilities | 8 | 5.00 |
| Provide Computer | 7 | 4.38 |
| Spread Programme | 7 | 4.38 |
| TV | 6 | 3.75 |
| Arrange Seminar | 6 | 3.75 |
| Batter Classroom/Peaceful room | 5 | 3.13 |
| More Vocabulary Section | 4 | 2.50 |
| Include Indian's Name | 4 | 2.50 |
| Open more center | 3 | 1.88 |
| Do more Advertising | 3 | 1.88 |
| More Trainees | 2 | 1.25 |
| Group Discussion | 2 | 1.25 |
| More time for Speaking | 2 | 1.25 |
| Content of IELTS | 2 | 1.25 |
| Take Exam. Online | 2 | 1.25 |
| Add Video Training | 2 | 1.25 |
| Compulsory in Gujarati all school | 2 | 1.25 |
| More Conversation | 1 | 0.63 |
| Free Bus pass for study | 1 | 0.63 |
| For Listening more equipments | 1 | 0.63 |
| Direct Admission in 4th and 5th level of SCOPE | 1 | 0.63 |
| Evening Time | 1 | 0.63 |

| | | |
|---|---|---|
| Improve writing skill | 1 | 0.63 |
| Provide Internet | 1 | 0.63 |
| Provide Speaking Materials | 1 | 0.63 |
| More exercise | 1 | 0.63 |

**અર્થઘટન :**

કુલ ૩૬૫ વિદ્યાર્થીઓમાંથી ૨૨ વિદ્યાર્થીઓ એટલે કે ૧૩.૭૫ ટકા વિદ્યાર્થીઓનું સૂચન છે કે તાલીમાર્થીઓને શીખવવા અને પ્રેક્ટિશ કરવા માટે સી.ડી. અને ડી.વી.ડી. ની સગવડ કરી આપવી જોઇએ. તેજ રીતે ૧૧ તાલીમાર્થીઓ એટલે કે ૬.૮૮ ટકા તાલીમાર્થીઓએ એલ.સી.ડી., ૧૦ તાલીમાર્થીઓ એટલે કે ૬.૨૫ ટકા તાલીમાર્થીઓએ ઓ.એચ.પી., ૭ તાલીમાર્થીઓ એટલે કે ૪.૩૮ ટકા તાલીમાર્થીઓએ કમ્પ્યૂટર અને ૬ તાલીમાર્થી એટલે કે ૩.૭૫ ટકા તાલીમાર્થીઓએ ટી.વી.ની સગવડ માંગી છે. જુદા જુદા શૈક્ષણિક સાધનોની સગવડ માંગનાર બધાં થઇને કુલ ૫૬ તાલીમાર્થીઓ છે. સ્કોપ દ્વારા આપેલ સાહિત્યના પુસ્તકોમાં રંગબેરંગી ચિત્રો અને કેટલુંક વિષયવસ્તુ રંગીન અક્ષરોમાં હોવું જોઇએ તેવું સૂચન ૧૩ તાલીમાર્થીઓ એટલે કે ૮.૧૩ ટકા તાલીમાર્થીઓનું છે. વર્ગખંડમાં શિક્ષણ દરમિયાન અંગ્રેજીના વ્યાકરણ પર ભાર મૂકવાનું સૂચન કરનાર તાલીમાર્થીઓની સંખ્યા ૧૨ એટલે કે ૭.૫ ટકા છે ૧૧ તાલીમાર્થીઓ એટલે કે ૬.૮૮ ટકા તાલીમાર્થીના મતે શીખવવાનો સમય ઓછો પડે છે. જેથી વધારાના વર્ગો લેવા જોઇએ અથવા તો તાસનો સમય વધારવો જોઇએ. ૧૦ તાલીમાર્થીઓ એટલે કે ૬.૨૫ ટકા તાલીમાર્થીઓએ સારા ટ્રેનર રાખવાનું સૂચન કરેલ છે.. આ ઉપરાંત કેટલાક તાલીમાર્થીઓએ વિવિધ સૂચનો કરેલ છે, જેમકે વર્ગખંડ અભ્યાસને અનુરૂપ શાંત હોવા જોઇએ, આ કાર્યક્રમની જાહેરાત કરવી, જૂથચર્ચા પર ભાર મૂકવો, વધુ સેન્ટર ખોલવા, પરીક્ષા ઓનલાઇન લેવી, વિડિયો ટ્રેનિંગ કરવી, સાંજના વર્ગ શરૂ કરવા, આ વર્ગ ભરતા તાલીમાર્થીઓને મુસાફરી માટે બસમાં કન્સેસન પાસની સગવડ કરી આપવી અને વર્ગમાં સ્પીકીંગ સ્કિલ પર વધુ ભાર આપવા.

# Inspection Report

## 1. Trainers Qualification

| No. | Trainer Qua. | Total No. | % |
|---|---|---|---|
| 1 | MA., B.Ed. | 15 | 34.88 |
| 2 | B.Sc./M.Sc. | 07 | 16.28 |
| 3 | M.Com/B.Com | 07 | 16.28 |
| 4 | M.A./B.A. | 07 | 16.28 |
| 5 | M.B.A. | 04 | 9.30 |
| 6 | P.T.C. | 01 | 2.33 |
| 7 | L.L.B. | 01 | 2.33 |
| 8 | Diploma | 01 | 2.33 |
| | Total | 43 | 100.00 |

**અર્થઘટન :** તાલીમાર્થીઓને તાલીમ આપવા માટે ફરજ બજાવતા ટ્રેનરની લાયકાત વિશે અભિપ્રાય માંગતા કુલ ૪૩ અભિપ્રાય મળ્યા હતા. કુલ ૪૩ ટ્રેનરમાંથી ૧૫ એટલે કે ૩૪.૮૮ ટકા ટ્રેનર બી.એડ્.ની લાયકાત ધરાવે છે. ત્યારબાદ બી.એ./એમ.એ., બી.એસ.સી./એમ.એસ.સી. કે બી.કોમ./એમ.કોમ.ની લાયકાત ધરાવતા કુલ ૨૧ એટલે કે ૪૮.૮૪ ટકા વ્યક્તિઓ છે. આ ત્રણે પ્રવાહમાં ૭-૭ વ્યક્તિઓ છે. ઉપરાંત ૪ વ્યકિંત એટલે કે ૯.૩૦ ટકા એમ.બી.એ.ની લાયકાત ધરાવે છે. પી.ટી.સી., એલ.એલ.બી. અને ડિપ્લોમાની લાયકાત ધરાવનાર વ્યક્તિોની સંખ્યા ૧-૧ છે.

## 2. Trainer Feedback

| No. | Feedback | Total No. | % |
|---|---|---|---|
| 1 | Good | 10 | 38.46 |
| 2 | No Command on English | 03 | 11.54 |
| 3 | Learner Enjoying | 03 | 11.54 |
| 4 | Require Training | 02 | 7.69 |
| 5 | Require more Awareness | 02 | 7.69 |
| 6 | Average Teacher | 02 | 7.69 |
| 7 | To Learn Through Scope is Good | 01 | 3.85 |
| 8 | Publicity | 01 | 3.85 |
| 9 | Clear Voice | 01 | 3.85 |
| 10 | More Writing Materials | 01 | 3.85 |
| | Total | 26 | 100.00 |

**અર્થઘટન :** આ વિભાગમાં મળેલા અભિપ્રાયો સ્પષ્ટ નથી. કેટલાક વ્યક્તિએ ટ્રેનર વિશે અભિપ્રાય આપ્યા છે તો વળી કેટલાક ટ્રેનરે કાર્યક્રમ વિશે અભિપ્રાય વ્યક્ત કર્યા છે. જેથી તેનું અર્થઘટન કે તારણ ચોક્કસ દિશા નિર્દેશ કરી શકશે નહીં. કારણકે કુલ નમૂનામાંથી અભિપ્રાય આપનારનો નમૂનો ખૂબ જ નાનો બની જવાથી સાચા તારણ કે અર્થઘટન મળશે નહીં. આમ બનવા પાછળનું કારણ અભિપ્રાયાવલીમાં આ વિભાગમાં શું અને કોને કરવાનું છે તે સ્પષ્ટ થતું નથી. અથવા તો અભિપ્રાય આપનાર વ્યકિતઓ અભિપ્રાયાવલીને સમજી શક્યા નથી.

## 3. Feedback on the Class

| No. | Feedback | Total No. | % |
|---|---|---|---|
| 1 | Good | 06 | 35.29 |
| 2 | Learner are enjoying | 03 | 17.65 |
| 3 | Require more Awareness | 02 | 11.76 |
| 4 | Not Proper way | 01 | 5.88 |
| 5 | Coordinator not able for programme | 01 | 5.88 |
| 6 | Learner haslets to speak English | 01 | 5.88 |
| 7 | Cold response | 01 | 5.88 |
| 8 | Should be more interaction | 01 | 5.88 |
| 9 | Change centre place | 01 | 5.88 |
| | Total | 17 | 100.00 |

**અર્થઘટન:** સ્કોપ દ્વારા ચલાવવામાં આવતા વર્ગોનું ઇન્સ્પેક્શન કરતાં કુલ ૧૭ નિરીક્ષકોમાંથી ૬ એટલે કે ૩૫.૨૯ ટકા નિરીક્ષકોએ વર્ગો સારી રીતે ચાલે છે. તેવો અભિપ્રાય આપ્યો છે. ૧૭.૬૫ ટકા એટલે કે ૩ નિરીક્ષકોના મતે આ વર્ગો દ્વારા તાલીમાર્થીઓ આનંદ સાથે તાલીમ મેળવે છે. તો વળી ૨ નિરીક્ષકો એટલે કે ૧૧.૭૬ ટકા ના મતે હજુ વધુ સભાનતા લાવવાની જરૂર છે.. તો કુલ ૬ નિરીક્ષકોએ વર્ગો વિશે નકારાત્મક અભિપ્રાયો પણ આપ્યા છે. જેમાં વર્ગ યોગ્ય રીતે નથી ચાલતા, કોઓર્ડિનેટર કાર્યક્રમ ચલાવવા સક્ષમ નથી, તાલીમાર્થીઓ અંગ્રેજી બોલવા માટે સંકોચ અનુભવે છે, કેન્દ્રનું સ્થળ બદલવું જોઇએ જેવા વિવિધ અભિપ્રાયો જુદા જુદા નિરીક્ષકોએ આપેલ છે.

## 4. Any issue to be handle the coordinator took up

| No. | Issue | Total No. | % |
|---|---|---|---|
| 1 | Technical Support/ LCD/Computer | 14 | 42.42 |
| 2 | More Publicity | 06 | 18.18 |
| 3 | Payment Less with urban Centre | 04 | 12.12 |
| 4 | Past Exam. Paper & provid CD | 02 | 6.06 |
| 5 | Communication Gap | 01 | 3.03 |
| 6 | Require encouraged in Village | 01 | 3.03 |
| 7 | Fee should reduced | 01 | 3.03 |
| 8 | Awareness for Programme | 01 | 3.03 |
| 9 | Payment should on time | 01 | 3.03 |
| 10 | Teaching place is not proper | 01 | 3.03 |
| 11 | Trainers are not proper | 01 | 3.03 |
| | Total | 33 | 100.00 |

**અર્થઘટન :**

કુલ ૩૩ નિરીક્ષકોમાંથી ૧૪ એટલે કે ૪૨.૪૨ ટકા નિરીક્ષકોના મતે શૈક્ષણિક સાધનો કે ટેકનોલોજી દરેક સેન્ટર પર સમયસર પહોંચાડવી... તો ૬ કોઓર્ડિનેટરના મતે કાર્યક્રમની જાહેરાત પૂરતા પ્રમાણમાં કરવી જોઇએ. કુલ ચાર કોઓર્ડિનેટરના મતે શહેરી વિસ્તાર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં મહેનતાણું ઓછું મળે છે. તો વળી બે નિરીક્ષકના મતે અગાઉની પરીક્ષાના પ્રશ્નપત્રો દરેક સેન્ટર પર આપવા જોઇએ. આ ઉપરાંત જુદા જુદા કેન્દ્રનું ઇન્સ્પેકશન કરનાર નિરીક્ષકોએ આપેલ અભિપ્રાય પ્રત્યાયન અંગેની ખાઇ જોવા મળે છે, ફી ઘટાડવી જોઇએ, કાર્યક્રમ માટે લોકોમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવા જોઇએ, મહેનતાણું સમયસર ચૂકવાવું જોઇએ, શિક્ષણનું સ્થળ યોગ્ય નથી, ટ્રેનર યોગ્ય નથી.

**5. Issue is to be handled by whom?**

| No. | Agency | Total No. | % |
|---|---|---|---|
| 1 | Scope | 17 | 51.52 |
| 2 | Tripada | 07 | 21.21 |
| 3 | Zonal Head | 03 | 9.09 |
| 4 | ACT | 03 | 9.09 |
| 5 | Coordinator | 02 | 6.06 |
| 6 | Individual | 01 | 3.03 |
| | Total | 33 | 100.00 |

**અર્થઘટન :** ઊભા થયેલા પ્રશ્નોનો ઉકેલ કઈ સંસ્થા દ્વારા લાવી શકાય તે અંગેના અભિપ્રાય આપનાર કુલ ૩૩ નિરીક્ષકો હતા. જેમાંથી ૧૭ એટલે કે ૫૧.૫૨ ટકા નિરીક્ષકોના મતે પ્રશ્નોનું સમાધાન સ્કોપ દ્વારા લાવી શકાય તેમ છે. તો ૭ એટલે કે ૨૧.૨૧ ટકા નિરીક્ષકોના મતે ત્રિપદા સંસ્થાએ કેટલાક પ્રશ્નોનું નિરાકરણ લાવવું જોઇએ. તો ત્રણ ત્રણ નિરીક્ષકોના મતે ઝોનલ હેડ અને એ.સી.ટી. દ્વારા કેટલાક પ્રશ્નોનું નિવારણ થઇ શકે તેમ છે. બે નિરીક્ષકોના મતે સેન્ટર પરના કેટલાક પ્રશ્નોનું સમાધાન કોઓર્ડિનેટર દ્વારા લાવી શકાય તેમ છે.

## Trainer Report

## 1. Trainer Qualification

| No. | Qualification | Total | % |
|---|---|---|---|
| 1 | B.Ed. | 38 | 44.71 |
| 2 | M.A. | 11 | 12.94 |
| 3 | B.com./M.Com | 10 | 11.76 |
| 4 | B.Sc,/M.Com | 10 | 11.76 |
| 5 | Computer Literate | 04 | 4.71 |
| 6 | B,B.A./M.B.A. | 03 | 3.53 |
| 7 | L.L.B. | 03 | 3.53 |
| 8 | B.E. | 02 | 2.35 |
| 9 | Ph.D. | 02 | 2.35 |
| 10 | B.Pharm. | 01 | 1.18 |
| 11 | Faison Designer | 01 | 1.18 |
| | Total | 85 | 100.00 |

**અર્થઘટન :** સ્કોપના વર્ગોમાં તાલીમ આપતા કુલ ૮૫ ટ્રેનર પાસેથી માહિતી મેળવેલ હતી. જેમાં તાલીમ આપતા ટ્રેનર્સની લાયકાત પમાણે વિભાજિત કરતાં કુલ ૮૫ માંથી ૩૮ ટ્રેનર્સે બી.એડ્.ની તાલીમ મેળવેલ છે. એટલે કે ૪૪.૭૧ ટકા ટ્રેનર્સે શીખવવા અંગેની તાલીમ મેળવેલ છે. આર્ટ્સ પ્રવાહમાંથી બી.એ. કે એમ.એ. થનાર ટ્રેનર્સની સંખ્યા ૧૧ એટલે કે ૧૨.૯૪ ટકા છે. જ્યારે કોમર્સ કે વિજ્ઞાન આમ બંને પ્રવાહમાં ટ્રેનર્સની સમ્યા સરખી એટલે કે ૧૦ ની છે .જેનું ટકામાં પ્રમાણ ૧૧.૭૬ છે. કમ્પ્યૂટર અંગેની લાયકાત ધરાવનાર ટ્રેનર્સની સંખ્યા ૪ એટલે કે ૪.૭૧ ટકા પમાણ છે. આ ઉપરાંત એમ.બી.એ. કે એલ.એલ.બી. ની

લાયકાત ધરાવનાર ટ્રેનર્સનું પ્રમાણ સરખું ૨.૩૫ ટકા જેટલું છે. પીએચ.ડી.ની લાયકાત ધરાવનાર બે ટ્રેનર્સ છે, તો તેવી જ રીતે ઈજનેરની લાયકાત ધરાવનાર ટ્રેનર્સની સંખ્યા પણ તેટલી જ છે. એક એક ટ્રેનર બી.ફાર્મ. અને ફેશન ડિઝાઇનરની લાયકાત ધરાવે છે.

## 2. Category of Centre

| No. | Category | Total | % |
|---|---|---|---|
| 1 | Poor | 04 | 5.06 |
| 2 | Satisfactory | 12 | 15.19 |
| 3 | Good | 25 | 31.65 |
| 4 | Very Good | 33 | 41.77 |
| 5 | Excellent | 05 | 6.33 |
| | Total | 79 | 100.00 |

**અર્થઘટન :** કેન્દ્રની ગુણવત્તા અંગેની માહિતી આપનાર વ્યક્તિની કુલ સંખ્યા ૭૯ હતી. જેમાંથી ૦૪ એટલે કે ૫.૦૬ ટકા વ્યક્તિએ જે તે સેન્ટર ખૂબ જ નબળું છે તેવો મત વ્યક્ત કરેલ છે. ૩૩ એટલે કે ૪૧.૭૭ ટકા કેન્દ્રો ખૂબ જ સારી ગુણવત્તા ધરાવે છે, તો ૨૫ એટલે કે ૩૧.૬૫ ટકા કેન્દ્રો સારી ગુણવત્તા ધરાવે છે.તો ૦૫ એટલે કે ૬.૩૩ ટકા કેન્દ્રો અતિઉત્તમ ગુણવત્તા ધરાવે છે. હા...૧૨ એટલે કે ૧૫.૧૯ ટકા કેન્દ્રો પર સંતોષકારક કામ ચાલે છે. આમછતાં હજુ સુધી ૧૪ સેન્ટર્સ હજુ ચાલુ થયા નથી.

## 3.Center`s Good Points

| No. | Good Point | Total | % |
|---|---|---|---|
| 1 | Facilities Good | 12 | 30.00 |
| 2 | Computer | 07 | 17.50 |
| 3 | Trainers Work Hard | 07 | 17.50 |
| 4 | Audio-Video | 05 | 12.50 |
| 5 | Faculty Available | 03 | 7.50 |
| 6 | Hall | 02 | 5.00 |
| 7 | LCD | 02 | 5.00 |
| 8 | Awareness good | 01 | 2.50 |
| 9 | Educational Committee | 01 | 2.50 |
| | Total | 40 | 100.00 |

**અર્થઘટન :** જુદાજુદા કેન્દ્રના કુલ ૪૦ ટ્રેનર્સ દ્વારા જુદા જુદા કેન્દ્ર વિશેના સારી બાબતોના અભિપાયો મેળવવામાં આવેલાં. જેમાં ૧૨ એટલે કે ૩૦ ટકા ટ્રેનર્સના મતે કેન્દ્ર પર સારી સગવડતા છે. ૦૭ એટલે કે ૧૭.૫ ટકા ટ્રેનર્સના મતે જે તે સેન્ટર પર કમ્પ્યૂટરની સગવડ છે. તેટલાજ પમાણમાં ટ્રેનર્સ સખત કામ કરે છે તેવા અભિપ્રાય પણ મળ્યા છે. પાંચ સેન્ટર એટલે કે ૧૨.૫ ટકા સેન્ટર પર ઓડિયો-વિડિઓની સગવડ છે. તો બે સેન્ટર પાસે પોતાના મોટા રૂમ-હોલ પણ છે. બે સેન્ટર પાસે એલ.સી.ડી.ની સગવડ પણ છે. એક સેન્ટર પાસે તો સ્કોપના કાર્યક્રમ માટે એજ્યુકેસન કમિટી પણ છે.

## 4.**Centre`s Bad Points / Suggestions**

| No. | Bad Points / Suggestions | Total | % |
|---|---|---|---|
| 1 | Wants LCD | 12 | 20.00 |
| 2 | Wants Computer | 10 | 16.67 |
| 3 | DVD/CD//TV not available | 10 | 16.67 |
| 4 | Improve Trainers | 05 | 8.33 |
| 5 | Classrooms noisy | 04 | 6.67 |
| 6 | Do Advertising | 04 | 6.67 |
| 7 | Improve Infrastructure | 03 | 5.00 |
| 8 | Extra Materials | 02 | 3.33 |
| 9 | Less Students | 02 | 3.33 |
| 10 | Use Technology | 02 | 3.33 |
| 11 | No School Support | 02 | 3.33 |
| 12 | Economically Problem | 01 | 1.67 |
| 13 | Arrange Extra Class | 01 | 1.67 |
| 14 | Take Attendance every day | 01 | 1.67 |
| 15 | Don’t use Gujarati Language in a classroom | 01 | 1.67 |
|  | Total | 60 | 100.00 |

**અર્થઘટન :**

કેન્દ્ર પરની નબળાઇ કે મર્યાદા વિશે ૬૦ ટ્રેનર્સના અભિપ્રાયો મળ્યા હતા. તેમાંથી ૧૨ એટલે કે ૨૦ ટકા કેન્દ્ર પર એલ.સી.ડી. નથી, ૧૦ એટલે કે ૧૬.૬૭ કેન્દ્ર પર કમ્પ્યૂટર અને તેટલા જ કેન્દ્ર પાસે સી.ડી.-ડી.વી.ડી. જેવા શૈક્ષણિક સાધનો નથી. ૦૫ એટલે કે ૮.૩૩ ટકા સેન્ટરોએ પોતાના ટ્રેનર્સની ગુણવત્તા વધારવા પયત્નો કરવા જોઇએ તેવા અભિપ્રાય મળેલ છે. ૦૪ સેન્ટર્સના વર્ગખંડો ખુબ જ ઘોંઘાટભર્યા વાતાવરણમાં છે. તો ૦૪ ટ્રેનર્સના મતે જે તે કેન્દ્રએ પબ્લિક જાહેરાત દ્બારા સેન્ટરની માહિતી સમાજ સુધી પહોંચાડવી જોઇએ. આ ઉપરાંત કેટલાક સેન્ટર પર ભૌતિક સુધારણા કરવી, વિદ્યાથ સંખ્યા વધારવી, વધારાનું સાહિત્ય પૂરું પાડવું, ટેકનોલોજીનો ઉપયોગ કરવો, વધારાના વર્ગો ગોઠવવા, દરરોજ હાજરી લેવી, વર્ગમાં શિક્ષણ દરમિયાન ગુજરાતી ભાષાનો ઉપયોગ ન કરવો વેગેર. બે સેન્ટર શાળામાં ચાલે છે, પણ જે તે શાળા તરફથી પૂરતો સહકાર મળતો નથી.

## 5. Programme`s Good Points

| No. | Good Point | Total | % |
|---|---|---|---|
| 1 | Very Nice Programme | 11 | 84.62 |
| 2 | Learner are able to communicate in English | 02 | 15.38 |
| 3 | Students become confident | 01 | 7.69 |
|  | Total | 13 | 100.00 |

**અર્થઘટન :** કુલ ૧૩ ટ્રેનર્સે આપેલા અભિપ્રાયમાંથી ૧૧ ટ્રેનર્સ એટલે કે ૮૪.૬૨ ટકા ટ્રેનર્સના મતે સ્કોપ કાર્યક્રમ ખૂબ જ સુંદર કાર્યક્રમ છે. બે ટ્રેનર્સના મતે આ કાર્યક્રમ દ્વારા વ્યક્તિ અંગ્રેજીભાષા દ્વારા પ્રત્યાયન સાધવા સક્ષમ બની શકે છે. તો વળી એક ટ્રેનર એવું માને છે કે આ કાર્યક્રમથી તાલીમાથમાં આત્મવિશ્વાસ આવે છે.

## 6. Suggestions for Programme

| No. | Good Point | Total | % |
|---|---|---|---|
| 1 | Some Centre has change place | 04 | 17.39 |
| 2 | Do Advertisement | 03 | 13.04 |
| 3 | ST Pass | 03 | 13.04 |
| 4 | Public Awareness | 03 | 13.04 |
| 5 | Change Centre | 02 | 8.70 |
| 6 | Start Bridge Course | 02 | 8.70 |
| 7 | Give materials intimae | 01 | 4.35 |
| 8 | Support all centre | 01 | 4.35 |
| 9 | Do big fonts in Teacher's addition | 01 | 4.35 |
| 11 | Give colourful picture in books | 01 | 4.35 |
| 12 | Give Exam. Information in time | 01 | 4.35 |
| 13 | Try more in rural area for awareness | 01 | 4.35 |
| | Total | 23 | 100.00 |

**અર્થઘટન :**

કુલ ૨૩ ટ્રેનર્સે અભિપ્રાય આપેલા. જેમાંથી ૦૪ એટલે કે ૧૭.૩૯ ટકા ટ્રેનર્સના મતે સેન્ટર સ્કોપની મંજૂરી વગર સ્થળ બદલે છે. ૦૩ ટ્રેનર્સના મતે આ પ્રોગ્રામની જાહેરાત હજુ પણ વધારે પ્રમાણમાં કરવી જોઇએ. તો વળી એટલા જ પ્રમાણના ટ્રેનર્સના મતે લોકોમાં આ કાર્યક્રમ માટે વધુ સભાનતા આવે તેવા પયત્નો પણ કરવા જોઇએ. ત્રણ ટ્રેનર્સના મતે આ કાર્યક્રમમાં જોડાનાર તાલીમાર્થીઓ માટે એસ.ટી.માં કન્સેશન મળે તેવા પ્રયત્નો સ્કોપ દ્વારા કરવા જોઇએ. બે ટ્રેનર્સે બ્રીજ કોર્સ શરૂ કરવાનું સૂચન કરેલ છે તો વળી અન્ય બે ટ્રેનર્સે કેન્દ્રનું સ્થળ ફેરફાર કરવા માટે જણાવ્યું છે. આ ઉપરાંત જુદા જુદા ટ્રેનર દ્વારા વિવિધ સૂચનો મળેલ છે. જેમકે, દરેક કેન્દ્રને વધુ સહકાર આપવો, સાધનસામગ્રી સમયસર પહોંચતી કરવી.,શિક્ષક આવૃત્તિમાં ફોન્ટસ સાઇઝ વધારવી, પુસ્તકમાં રંગીન ચિત્રો મૂકવા, પરીક્ષા અંગેની માહિતી સમયસર આપવી, ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ માટે વધુ પ્રયત્નો કરવા.

## Trainer's Opinion

| | Poor | Satisfactory | Good | Very Good | Excellent |
|---|---|---|---|---|---|
| Physical amenities available at Centre ⇩ | 03 | 16 | 22 | 33 | 11 |
| Use of Technology for the Training | 02 | 16 | 24 | 30 | 10 |
| Quality of Training being imparted | ** | **** | ** | ** | **** |
| (a) Communication Skill | 01 | 06 | 36 | 32 | 10 |
| (b) Reading Skill | 01 | 07 | 30 | 38 | 10 |
| (c) Writing Skill | 01 | 08 | 31 | 35 | 09 |
| (d) Etiquette Skill | 02 | 09 | 33 | 26 | 16 |
| Awareness programme is being undertaken by the Centre | 05 | 13 | 23 | 24 | 13 |
| Overall Feedback from the Training | 01 | 08 | 22 | 32 | 10 |
| Overall Feedback from public at large | 01 | 13 | 25 | 33 | 03 |

**અર્થઘટન :**

૧. ભૌતિક સાધનસંપત્તિ બાબતે કુલ ૮૫ ટ્રેનર્સના અભિપ્રાય મળેલ છે. જેમાં ત્રણ સેન્ટર નબળા જણાયા છે. ૧૬ સેન્ટર એટલે કે ૧૮.૮ ટકા સેન્ટરો પર સંતોષકારક સાધનસામગ્રી છે. તો ૨૨ એટલે કે ૨૫.૮ ટકા સેન્ટરો પર ભૌતિક સાધનસામગ્રી સારી છે. ૩૩ એટલે કે ૩૮.૮ સેન્ટરો પર ખૂબ સારા પ્રમાણમાં છે, તો વળી ૧૧ એટલે કે ૧૨.૯ ટકા સેન્ટરો પર અતિઉત્તમ પ્રમાણમાં સાધન સામગ્રી છે.

૨. ટ્રેનિંગમાં ટેકનોલોજીનો ઉપયોગ થતો હોય તેવા સેન્ટરોમાં બે સેન્ટરો એવા છે કેજે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં નબળાં જણાંયા છે. તો ૧૬ સેન્ટરો પર સંતોષકારક રીતે ઉપયોગ થાય છે. ૨૪ એટલે કે ૨૯.૨ ટકા સેન્ટરો પર ટેકનોલોજીનો ઉપયોગ સારા પ્રમાણમાં થાય છે. ૩૦ એટલે કે ૩૬.૫ ટકા સેન્ટરો એવા છે કે જ્યાં ટેકનોલોજીનો ઉપયોગ ખૂબ જ સારા પ્રમાણમાં કરવામાં આવેર છે. અતિઉત્તમ રીતે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવતો હોય તેવા સેન્ટરોનું પ્રમાણ ૧૦ એટલે કે ૧૨.૨ ટકા જેટલું છે.

૩. તાલીમ દરમિયાન પ્રત્યાયન કૌશલ્યનો વિકાસ નબળા પ્રમાણમાં થયો હોય તેવા સેન્ટરોનું પ્રમાણ માત્ર એક જ છે. સૌથી વધુ પ્રમાણ એવા સેન્ટરોનું છે કે પ્રત્યાયન કૌશલ્યનો વિકાસ સારા પ્રમાણમાં થયો છે. જેમાં ૩૬ એટલે કે ૪૨.૪ ટકા સેન્ટરોનો સમાવેશ થયો છે. તેવી જ રીતે વાંચન, લેખન અને આચારસંહિતા કે સભ્યતામાં પણ એવું જ પ્રમાણ જોવા મળે છે. એટલે કે આ ચાર કૌશલ્યનો નબળા પ્રમાણમાં વિકાસ થયો હોય તેવા સેન્ટરનું પ્રમાણ ખૂબ જ ઓછું છે તો સારાં કે ખુબ જ સારા પ્રમાણમાં વિકાસ થયો હોય તેવા સેન્ટરનું પ્રમાણ વધુ છે.

૪. લોકોમાં જાગૃતિ કે સભાનતા લાવવા માટે કેન્દ્રો દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો અંગે કુલ ૭૮ કેન્દ્રો વિશે મળેલી માહિતીમાંથી ૦૫ સેન્ટર્સ ખૂબ જ નબળા સાબિત થયા છે. જ્યારે ૪૭ કેન્દ્રોએ સારી કે ખૂબ જ સારી કામગીરી કરેલ છે. ૧૩ સેન્ટરોએ તો અતિઉત્તમ કામગીરી કરેલ છે તો તેટલા જ પ્રમાણમાં સંતોષકારક કામગીરી કરનાર કેન્દ્રો પણ છે.

૫. કેન્દ્ર વિશે સર્વગ્રાહી અભિપ્રાય આપતા કુલ ૭૩ ટ્રેનર્સના મતે માત્ર એક જ સેન્ટર નબળું છે. તો ૧૩ સેન્ટર સંતોષકારક કામગીરી બજાવે છે, અને તેટલાજ પ્રમાણમાં અતિઉત્તમ કામગીરી બજાવતા સેન્ટર્સ પણ છે. સૌથી વધુ પ્રમાણ ૩૨ સેન્ટર્સ એટલે કે ૪૩.૮ ટકા જેટલું ખૂબ જ સારી કામગીરી બજાવતા સેન્ટર્સનું છે.

૬. લોકો પાસેથી મેળવેલ કુલ અભિપ્રાય ૭૫ છે. જેમાંથી ૧ વ્યકિતએ નબળો અભિપ્રાય આપેલ છે તો ૦૩ વ્યક્તિએ અતિઉત્તમ અભિપ્રાય આપેલ છે. ખુબ જ સારો અભિપ્રાય આપનાર વ્યક્તિઓનું પ્રમાણ સૌથી વધુ ૩૩ એટલે કે ૪૪ ટકાનું છે.

# તારણો :

૧. આ કાર્યક્રમને સરસ, અતિ સરસ, ઉત્તમ કે અતિ ઉત્તમ કહેનાર વિદ્યાર્થીઓનું પ્રમાણ ખૂબ જ છે. માત્ર પાંચ જ વિદ્યાર્થીઓના મતે આ કાર્યક્રમની ગુણવત્તા નબળી છે.

૨. મોટાભાગના એટલે કે ૯૮.૬૨ ટકા બધા વિદ્યાર્થીઓના મતે આ કાર્યક્રમની ગુણવત્તા સારી છે .

૩. આ કાર્યક્રમ વ્યકિતને વિવિધ રીતે ઉપયોગી થઇ પડે છે. જેમકે કથન કૌશલ્ય વિકસાવવા, ભવિષ્યમાં નોકરી મેળવવા, અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવવા, પરદેશ જવા, પોતાની અંદર આત્મવિશ્વાસ ખીલવવા, વધુ અભ્યાસ કે શિક્ષણ મેળવવા, અંગ્રેજીમાં પ્રત્યાયન કરવા, ભાવિકારકિર્દી વિકસાવવા, ધધાં વગેરે માટે ઉપયોગી છે, પોતાના બાળકોને અંગ્રેજી શીખવવા, શિક્ષણ આપવા વગેરે બાબતોમાં આ કાર્યક્રમ સહાયરૂપ થશે.આમ સાર્વત્રિક રીતે જોતાં આ કાર્યક્રમ તાલીમાર્થીઓને વિવિધ રીતે અને વિવિધ ક્ષેત્રમાં ઉપયોગી થાય છે.

૪. વિદ્યાર્થીઓનું મોટું પ્રમાણ પરદેશ જવાનું આયોજન વિચારે છે. તો કેટલાક વિદ્યાર્થીઓનું આયોજન આ કાર્યક્રમ પછી શિક્ષક બનવાનું છે. આ કાર્યક્રમ પછી રોજીરોટી મેળવવાનું આયોજન કરનાર તાલીમાર્થીઓની સંખ્યા ૭૧ એટલે કે ૧૯.૪૫ ટકા છે. કેટલાક વિદ્યાર્થીઓ આ કાર્યક્રમના અંત સુધી અભ્યાસ કરવા માંગે છે. જે આ કાર્યક્રમની સફળતા સૂચવે છે. આ ઉપરાંત કેટલાક વિદ્યાર્થીઓ વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રે પોતાની કારકિર્દી વિકસાવવા માંગે છે. આમ જોતાં આ કાર્યક્રમ તાલીમાર્થીઓને ભાવિ આયોજન કરવામાં સહાયરૂપ થતો હોય તેમ માની શકાય.

૫. કેટલાંક સેન્ટરના ટ્રેનરથી તાલીમાર્થીઓને સંતોષ નથી.

૬. ૫.૬૩ ટકા તાલીમાર્થીના મતે આ કાર્યક્રમ માટેની ફી વધુ પ્રમાણમાં છે. તેમનું સૂચન છે કે ફીમાં ઘટાડો કરવો જોઇએ.

૭. ૪.૩૮ ટકા તાલીમાર્થીઓનું સૂચન છે કે આ કાર્યક્રમને વધુ વિસ્તારમાં પ્રસરાવવો જોઇએ.

૮. ૩.૭૫ ટકા તાલીમાર્થીઓના મતે આ કાર્યક્રમ અંતર્ગત વિવિધ સેમિનાર રાખવા જોઇએ.

૯. ટ્રેનર તરીકેની લાયકાત ધરાવનાર વ્યકિંતઓમાં કુલ ૩૪.૮૮ ટકા ટ્રેનર બી.એડ્. ની લાયકાત ધરાવે છે. એટલે કે આવા ટ્રેનરને કેવી રીતે શીખવવું તેની તાલીમ લીધેલ છે. જે કાર્યક્રમ માટે સારી બાબત ગણી શકાય. બાકીના ટ્રેનરને વર્ગખંડમાં તાલીમાર્થીઓ પાસે શૈક્ષણિક કાર્ય કેવી રીતે કરાવવું તે અંગે માહિતી કે જ્ઞાન આપવું તેવો અભિપ્રાય આપનાર વ્યક્તિઓનું કુલ પ્રમાણ ૬૫.૧૨ ટકા છે.

૧૦. સ્કોપ દ્વારા ચાલતા આ વર્ગોમાં બી.એડ્.ની લાયકાત ધરાવનાર એટલે કે શિક્ષક તરીકેની તાલીમ મેળવેલ ટ્રેનર્સનું પ્રમાણ સૌથી વધુ છે. આ ઉપરાંત ઉચ્ચ લાયકાત ધરાવતા જેમકે પીએચ.ડી., ઇજનેર, એમ.બી.એ. જેવી ઉપાધિ ધરાવનાર પણ ટ્રેનર્સ તરીકે સેવા આપે છે. આમછતાં વિનયન, વાણિજ્ય કે વિજ્ઞાન પવાહની લાયકાત ધરાવનાર કુલ ૩૧ ટ્રેનર્સ છે.

૧૧. મોટાભાગના નિરીક્ષકોના મતે વર્ગો સારી રીતે ચાલે છે અને તાલીમાર્થીઓ આનંદ સાથે તાલીમ મેળવે છે.

૧૨. મોટાભાગના કેન્દ્રો સારી કે ખૂબ જ સારી ગુણવત્તા ધરાવે છે. નબળી કે અતિઉત્તમ ગુણવત્તા ધરાવતા કેન્દ્રો ઓછી સંખ્યામાં છે.

૧૩. હજુપણ કેટલાક સેન્ટર્સ ચાલુ થયા નથી.

૧૪. કેટલાક વર્ગખંડમાં શૈક્ષણિક વાતાવરણ નથી, તેનું કારણ ઘોંઘાટ છે. કેટલાક સેન્ટરો પરના ટ્રેનર્સની કાર્યક્ષમતા ઓછી છે.

૧૫. તાલીમાર્થી સંખ્યા વધારવા હજુ વધુ જાહેરાત-પ્રચાર-પ્રસાર કરવો જોઇએ.

૧૬. ખૂબ જ સફળ કાર્યક્રમ છે. જેનાથી તાલીમાર્થીઓને વિવિધ રીતે ફાયદો થાય છે.

૧૭. કેટલાક સેન્ટર્સ સ્કોપની મંજૂરી વગર સ્થળ ફેરફાર કરે છે.

૧૮. હજુ પણ આ કાર્યક્રમ માટે લોકોમાં પૂરતી સભાનતા લાવવા વધુ પ્રયત્નો જરૂરી છે.

૧૯. સ્કોપ દ્વારા કેન્દ્રોને સમયસર માહિતી પહોંચતી નથી.

૨૦. ભૌતિક સાધન સંપત્તિ, ટેકનોલોજીમાં ઉપયોગ, અંગ્રેજીભાષાના વિવિધ કૌશલ્યની ખીલવણી,લોકોમાં કાર્યક્રમ પ્રત્યે સભાનતા લાવવા માટે કરેલા પ્રયત્નો વગેરે બાબતમાં નબળા કેન્દ્રો અને અતિઉત્તમ કેન્દ્રોનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. મોટું પ્રમાણ સારી કે અતિસારી કામગીરી બજાવતા કેન્દ્રોનું છે.

૨૧. સાધનસામગ્રીનું પ્રમાણ નબળું કે અતિઉત્તમ હોય તેવા સેન્ટરોનું પ્રમાણ ખૂબ જ ઓછું છે. સૌથી વધુ પ્રમાણ ખુબ જ સારા પ્રમાણમાં સાધન સામગ્રી હોય તેવા સેન્ટરોનું છે.

૨૨. ટેકનોલોજીનો ઉપયોગ ખૂબ જ થોડા પ્રમાણમાં થતો હોય તેવા સેન્ટરનું પ્રમાણ ખૂબ જ ઓછું છે, તેવી જ રીતે અતિઉત્તમ રીતે ઉપયોગ કરતા હોય તેવા સેન્ટરોનું પ્રમાણ બીજા નંબરે આવે છે.

# સૂચનો

૧. કેટલાક વિદ્યાર્થીઓએ કાર્યક્રમને કેમ નબળો ગણાવ્યો છે તે માટેના કારણો શોધી તે કારણો નાબૂદ કરવા જોઇએ

૨. આ કાર્યક્રમ ચલાવવો જોઇએ બંધ થવો જોઇએ નહીં.

૩. સ્કોપ દ્વારા આ કાર્યક્રમ માટે વધુ પ્રમાણમાં જાહેરાત જરૂરી છે તેમાં પણ ગ્રામ્ય સ્તરે વિશેષ ધ્યાન આપવાની વાત છે.

૪. જે સેન્ટરના ટ્રેનરથી તાલીમાર્થીઓને સંતોષ નથી તેવાં સેન્ટરના ટ્રેનરને તાત્કાલિક બદલી નાંખવા જોઇએ.

૫. કાર્યક્રમની ફીમાં ઘટાડા અંગેની શક્યતા વિચારી શકાય.

૬. કાર્યક્રમને વધુ વિસ્તારમાં પ્રસરાવવો.

૭. ચોક્કસ સેમિનારનું આયોજન કરવું

૮. ઘોંઘાટ ધરાવતા વાતાવરણ વચ્ચે આવેલા વર્ગખડના સેન્ટર બંધ કરવા

૯. જૂથચર્ચા પર ભાર મૂકવો

૧૦. વધુ સેન્ટર ખોલવા

૧૧. પરીક્ષા ઓનલાઇન લેવા અંગે વિચારણા કરવી

૧૨. વિડિયો ટ્રેનિંગ માટે વિચારણા કરવી

૧૩. સાંજના વર્ગ શરૂ કરવા અંગે વિચારણા કરવી

૧૪. વર્ગમાં સ્પીકીંગ સ્કિલ પર વધુ ભાર અપાય તેની સૂચના આપવી.

૧૫. આ વર્ગ ભરતા તાલીમાર્થીઓને મુસાફરી માટે બસમાં કન્સેસન પાસની સગવડ મળે તે માટે પ્રયત્નો કરવા

**૧૬.** ટ્રેનર તરીકેની કામગીરી કરનાર વ્યક્તિઓની ચોક્કસ લાયકાત નક્કી કરવી.

**૧૭.** જુદા જુદા કેન્દ્રની મર્યાદા-નકારાત્મક બાબત જુદી જુદી હોઇ શકે. જેથી જે જે કેન્દ્રમાં જે મર્યાદા જોવા મળે તે દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઇએ.

૧૮. ગ્રામ્ય અને શહેરી વિસ્તાર વચ્ચેના મહેનતાણા અંગે ફરી વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવો.

૧૯. આ કાર્યક્રમ અંગે લોકોમાં જાગૃતિ આવે અને લોકો કાર્યક્રમથી વધુ પરિચિત બને તે માટે જાહેરાત કરવી જોઇએ.

૨૦. જે કેન્દ્રનું સ્થળ શૈક્ષણિક વાતાવરણ માટે યોગ્ય ન હોય તે બદલવું જોઇએ.

૨૧. મહેનતાણાની સમયસર ચૂકવણી કરવી

૨૨. જે કેન્દ્રના ટ્રેનરથી સંતોષ નથી તેવા કેન્દ્રના ટ્રેનરને બદલવા જોઇએ.

૨૩. દરેક સેન્ટરના પ્રશ્નો જુદા જુદા હોય છે. જેથી સેન્ટર પ્રમાણે ત્યાંની સમસ્યા જાણી તે સમસ્યાનો ઉકેલ લાગુ પડતી સંસ્થા દ્વારા લાવવો જોઇએ. આ માટે સ્કોપે પ્રયત્નો કરવા જોઇએ.

૨૪. સ્કોપના વર્ગોમાં ચોક્કસ લાયકાત ધરાવનારને જ ટ્રેનર્સ માટે પસંદ કરવા જોઇએ.

૨૫. જે કેન્દ્રમાં ખુબ જ નીચી લાયકાત ધરાવનાર ટ્રેનર છે તેમને દૂર કરી નવા યોગ્ય લાયકાત ધરાવનારની નિમણૂંક કરવી જોઇએ..

૨૬. નબળા સેન્ટરોની યાદી તૈયાર કરી તેવા સેન્ટરોને તાત્કાલિક બંધ કરવા જોઇએ અથવા તો ચોક્કસ માર્ગદર્શન કે સહાય આપી કાર્યક્ષમતામાં સુધારો કરાવવો જોઇએ.

૨૭. અતિઉત્તમ ગુણવત્તા ધરાવતા કેન્દ્રની મુલાકાતે અન્ય કેન્દ્રોના સંચાલક કે ટ્રેનર્સ જાય અને પોતાની કાર્યક્ષમતામાં વધારો કરે તે માટે પ્રોત્સાહન આપવું જોઇએ.

૨૮. જે સેન્ટર્સ ચાલુ થવાના હતા પણ ચાલુ થયા નથી તે માટેના કારણો જાણી યોગ્ય નિર્ણય લેવો જોઇએ.

૨૯. અન્ય કોઇ સંસ્થામાં સેન્ટર ચાલતા હોય અને મૂળ સંસ્થા સહકાર ન આપતી હોય તો તે માટે માધ્યમ બનીને ઉકેલ લાવવો જોઇએ.

૩૦. કાર્યક્રમ માટેનો કુલ સમયગાળો યોગ્ય છે કે કેમ તે અંગે ફરી વિચારણા કરવી અને જો જરૂર લાગે તો સમય વધારવો.

૩૧. આ કાર્યક્રમ ચાલુ રાખવો, વધુ ફેલાવો કરવો.

૩૨. જે સેન્ટરે સ્કોપની મંજૂરી વગર સ્થળ ફેરફાર કરેલ છે તેવા કેન્દ્રો શોધી તેમના માટે યોગ્ય નિર્ણય લેવો.

૩૩. જરૂરી સાધનસામગ્રી અને વિવિધ માહિતી સમયસર દરેક સેન્ટર પર પહોંચે તેની કાળજી લેવી.

૩૪. બ્રીજ કોર્સ માટે વિચારણા કરવી

૩૫. શિક્ષક આવૃત્તિમાં ફોન્ટ સાઇઝ મોટી કરવા અંગે તેમજ તાલીમાર્થી આવૃત્તિમાં રંગીન ચિત્રો મૂકવા અંગે નિષ્ણાતોની સલાહ લેવી

૩૬. આ કાર્યક્રમનો પ્રસાર કરવા અને સભાનતા લાવવા માટે જરૂરી પગલાં ભરવા.